**બાયડ પાલિકાના ત્રીજા નેત્રને ૫ વર્ષથી અંધાપો**

# રૂા. ૧૫ લાખના ખર્ચે નાખેલ સી.સી.ટીવી કેમેરા નકામા

### બાયડમાં લૂંટ, ઘરફોડ સમયે પોલીસને ખાનગી કેમેરા ઉપર નિર્ભર રહેવું પડ્યું




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

બાયડ પાલિકાના સર્વાંગી વિકાસની વાતો વચ્ચે બાયડ પાલિકાને હાઈટેક બનાવવાનું સ્વપ્ન રોડાયું છે. ત્રીજાનેત્ર તરીકે ઓફખાતા સી.સી.ટીવી કેમેરા છેલ્લા ૫ વર્ષથી બંધ છે. કેટલાક કેમેરા ગાયબ થયા છે તો કેટલાક કેમેરાના કેબલ પણ તહસ નહસ થયાનું જોવા મળ્યું છે. વહીવટી તંત્ર દ્વારા પાલિકાને જાહેર સ્થફો ઉપર સી.સી.ટીવી કેમેરા લગાવવાના આદેશ આપ્યા છતાં પણ પાલિકામાં કેમેરાને જીવંત ન કરાતાં અનેક ગંભીર ગુનાના ભેદ ઉકેલવામાં પોલીસને ખાનગી વેપારીઓના સી.સી.ટીવી કેમેરા ઉપર નિર્ભર રહેવું પડ્યું હતું.

કોઈપણ પક્ષ કે નગરસેવક સત્તામાં આવે એટલે પ્રજાને આપેલા વચનો પૂર્ણ કરવાના હોય છે. ચૂંટાયા પછી સમરસ બનીને કામગીરી કરવાની હોય છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી બાયડ પાલિકાના ચોક્કસ વિસ્તારોને યોગ્ય સવલત આપવામાં અખાડા થયાના સંવાદો સાંભફવા મફે છે. આ બધું કામ કરવા ઉપર નિર્ભર છે પરંતુ બાયડ પાલિકા વિસ્તારની ૨૦ હજારથી વધુ માનવ વસતી અને નાના-મોટા ૫૦૦ દુકાનદારોને સુરક્ષિત કરવા માટે પાલિકાએ લાખોના ખર્ચે સી.સી.ટીવી કેમેરા લગાવ્યા હતા. સી.સી.ટીવી કેમેરા લગાવ્યા પછી બંધ થતાં તેના મેન્ટેનન્સ પાછફ પણ લાખોનો ખર્ચ કરવામાં આવ્યો તેમ છતાં ત્રીજા નેત્રનો અંધાપો દૂર ન થાયે. બાયડ પાલિકા વિસ્તારમાં પાછલા વર્ષેમાં બફાત્કાર, તસ્કરી, હીટ એન્ડ રન, એ.ટી.એમ. મશીનમાંથી પૈસાની લૂંટ, પાકીટ તફડંચીના બનાવો નોંધાયા છે. પોલીસ જ્યારે જ્યારે પાલિકામાં જાય ત્યારે કેમેરા બંધ હોવાનું જણાવી દેવામાં આવતું હતું. વિકસતા શહેર મોડાસામાં સી.સી.ટીવી કેમેરાથી અનેક ગુનાના ભેદ ઉકેલાય છે ત્યારે બાયડ પાલિકામાં પાછલા ૫ વર્ષથી બંધ રહેલા કેમેરાઓનું મોતિયાના ઓપરેશન કરવાનું સૌ ભાગ્ય કોને મફે છે તે ૨ માર્ચે જાહેર થશે. જો કે વહીવટી તંત્રએ અત્યારે ચૂંટણીના સમયે બાયડ પાલિકાના બંધ હાલતના કેમેરા ચાલુ કરાવવા માટે રસ દાખવવો જોઈએ.

### લોકમિજાજ, મજબૂત વિપક્ષની પણ જરૂર છે

બાયડ : બાયડ પાલિકાના અત્યાર સુધીમાં ૩ જંગ યોજાયા. તા.૨૮ ફેબ્રુઆરીએ ડ-વર્ગમાં સમાવિષ્ટ બાયડ પાલિકાનો ચોથો ખરાખરીનો જંગ જામશે. દરેક પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે દામ, શામ, દંડની નીતિ અખત્યાર કરી શકે છે પરંતુ આ બધા વચ્ચે બાયડ પાલિકાના મતદારોનો મિજાજ એવો છે કે બાયડ પાલિકામાં મજબૂત વિપક્ષ પણ હોવો જોઈએ. જિલ્લામાં સૌથી શાણા મતદાર તરીકે ઓફખાતા બાયડના ૧૪ હજારથી વધુ મતદારો કોને વરમાફા પહેરાવે છે તે દિવસો હવે બહુ દૂર નથી.

# ૧૫૫ પાગલોની સેવાનું "દિવાનાપન"

### બાયડમાં મંદબુદ્ધિ સેવા ટ્રસ્ટ : વેપારી, નિવૃત્ત શિક્ષકો કરી રહ્યા છે દિવસ-રાત પાગલોની સેવા





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

અશોક જૈન, બાયડ બસ સ્ટેશન ઉપર અંબિકા કટલરી સ્ટોર્સ એટલે સ્વાભાવિક જ ભણેલ, અભણ અને પાગલ મહિલાઓના દુકાન આગફ આંટા ફેરા રહેતા. એક દિવસે સમી સાંજે શોપીંગની બહાર દેકારો મચી ગયો. પથ્થર ફેંકતી મહિલા ઉપર ટોફું ગુસ્સો કરતું હતું. વેપારી અશોક જૈન માનસિક અસ્થિર મહિલાની સ્થિતિ પામી ગયા. ટોફાને વિખેર્યું પરંતુ ત્યારથી મનો મન વિચારી લીધું કે પાગલોની સેવા કરવી છે. ધંધાનું ધ્યાન અને બાયડમાં ફરતી પાગલ મહિલાઓને પાલીતાણા મૂકી આવવાનું અભિયાન શરૂ કર્યું. સમય જતાં બાયડમાં કોઈ બિનવારસી લાશ મફે એટલે પોલીસ વેપારીનો સંપર્ક કરે. વેપારી દ્વારા તેમના પરગજુ મિત્રો ભેગા થઈ અજાણી લાશની અંતેષ્ઠી કરી પરિવારની ભૂમિકા ભજવતા. સમય જતાં બાયડમાં જ પાગલ સ્ત્રી-પુરૂષો માટે આશ્રમ ખોલવાનો નિર્ણય કર્યો. બાયડમાં કરોડ રૂપિયા હોય તો એક વિઘું જમીન મફે. પરંતુ હિંમત ન હારી એક પછી એક અનેક પરગજુઓનો સંગાથ લીધો અને બાયડમાં પાગલોની સેવાનું દિવાનાપન દેખાડી આશ્રમ ભાડાની જગ્યામાં વાત્રક રોડ ઉપર તૈયાર કર્યો છે. આજે ૧૫૫ થી વધુ પાગલ મહિલાઓની ત્યાં સારસંભાફ રખાય છે. સેવાની સુવાસ રાજ્યમાં પ્રસરતાં આગામી એકાદ-બે વર્ષમાં બાયડ પ્રાંત કચેરી નજીક આશ્રમ કાર્યરત થઈ જશે. હાલ નિર્માણ કાર્ય તેજ ગતિથી ચાલે છે.

જેને સેવા કરવી હોય તેને તો કોઈપણ કામ આપો. પ્રભુનું નામ ભજી સેવા કાર્ય શરૂ કરી દે છે. વિચાર સારો હોય અને મનમાં પાપ ન હોય તો દરેક ક્ષેત્રમાંથી સહકાર મફે છે. અશોક જૈનને બાયડમાંથી અનેક લોકોનો સહકાર મફતો ગયો સમય જતાં અન્ય વેપારી, નિવૃત્ત શિક્ષકો, કેફવણીકારો વગેરે પાગલોની સેવામાં જોડાવા લાગ્યા. આજે સ્થિતિ એ છે કે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોઈ મહિલા પાગલ જોવા મફે એટલે બાયડના આશ્રમનો સંપર્ક કરવામાં આવે છે. પ્રજામાં પાગલ આશ્રમની વિશ્વસનીયતા વધતાં સ્વજનોના મૃત્યુ તેમજ શુભ પ્રસંગોમાં અનેક પરિવારો પાકુ ભોજન પીરસવા માટે આવતા હોય છે. અંતિસરા ગામના પ્રા. શિક્ષક કેતન પટેલ, જીવદયા પ્રેમી મોડાસાના નિલેષ જોષી વગેરેએ તો પોતાના લાડકવાયા સંતાનોના બર્થ-ડે બાયડમાં પાગલ મહિલાઓની હાજરીમાં યોજી સમાજને એક નવો દ્રષ્ટીકોણ આપી દીધો છે. દર મહિને લાખો રૂપિયા કમાતા વેપારી અશોક જૈન, રાજુભાઈ પુરોહીત, રાજુભાઈ શાહ, વિનુભાઈ પટેલ, સીનીયર સીટીજન, નિવૃત્ત આચાર્ય વિઠ્ઠલભાઈ એમ. પટેલ (વી.એમ.પટેલ), એન.એમ.સોની, વિશાલ પટેલ (ભાણો), જબ્બરસિંહ રાજપુરોહીત, તેજસ પટેલ, વિજય પટેલ, પ્રિતેષ મોદી, મુકેશ લુહાર વગેરે પણ પોતાનો મૂલ્યવાન સમય આશ્રમ માટે ફાફવી રહ્યા છે. જ્યારે બાયડ તેમજ વાત્રકના તબીબો પણ મંદબુદ્ધિની મહિલાઓ માટે આશ્રમમાં આવી નિઃશુલ્ક સેવાઓ આપતાં તેની નોંધ રાજ્ય સરકારને પણ લેવાની ફરજ પડી હતી. રાજ્યના મુખ્ય મંત્રી વિજય રૂપાણીએ પણ ટ્રસ્ટીઓની કામગીરીને જાહેરમાં બિરદાવી હતી. જાણવા મળ્યા મુજબ બાયડના જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં પરિવારથી વિખુટા પડેલા ૧૨૧ પાગલોને પરિવાર સાથે અનોખું મિલન કરાવી સમાજ માટે ઉમદા દ્રષ્ટાંત આપ્યું છે. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ માત્ર સેવા કાર્ય જ નહીં પરંતુ હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કરી આશ્રમમાં રહેતા બિનવારસી માનસિક વિકલાંગોને તેમનો પરિવાર મફે તેવા પ્રયાસ કરે છે અને દર મહિને તેમાં સફફતા મફતી આવી છે.

### સમય ક્યાં પસાર થઈ જાય છે તે ખબર જ પડતી નથી : ટ્રસ્ટીઓ

બાયડ : બાયડમાં બિનવારસી માનસિક વિકલાંગ બહેનો માટેનો આશ્રમ શરૂ કરવામાં આવ્યો છે. છેલ્લા સાડા ત્રણ વર્ષથી ૩૦૦ થી વધુ માનસિક વિકલાંગ મહિલાઓને રાખવામાં આવ્યા હતા તે પૈકી મોટાભાગનાનું પરિવાર સાથે મિલન થયું તે સમયે ટ્રસ્ટીઓની આંખો ભીંજાઈ ગઈ હતી. માત્ર માનવીનો દેહ મળ્યો છે એટલે સેવા કરીએ તેવા ભાવથી કામ કરતા ટ્રસ્ટીઓ પોતાના ધંધા કે પછી અન્ય ટ્રસ્ટી પ્રાઈવેટ ધંધો કરે તો પણ દર મહિને લાખો રૂપિયા કમાઈ શકે છે પરંતુ તેમને પૈસાની મોહમાયા નથી માત્ર માનસિક વિકલાંગોની સેવા કરવી છે. ટ્રસ્ટીઓએ જણાવ્યું કે માનસિક વિકલાંગ મહિલાઓની સેવા કરવામાં અમારો દિવસ ક્યાં પસાર થઈ જાય છે તે જ ખબર પડતી નથી. જ્યારે સેવા ટ્રસ્ટ આશ્રમમાં શુદ્ધ અને સાત્વિક ભોજન જ માનસિક વિકલાંગોને મફે તે પ્રકારનું રસોઈયા સાથે આયોજન કરાયું છે.

### એક સરકારી અધિકારીએ મુલાકાત લીધી અને..!!

બાયડ : અરવલ્લી જિલ્લામાં સરકારી કચેરીઓમાં બેફામ ભ્રષ્ટાચારના આક્ષેપ થઈ રહ્યા છે. કેટલાક ભ્રષ્ટ સરકારી બાબુઓ એ.સી.બી.ના છટકામાં પકડાયા છે ત્યારે આ બધાથી અલગ અને સરકારી અધિકારી બન્યો છું તો લોકોની સેવા કરૂં તેમને કોઈ મદદ કરૂ તો મારૂ જીવન ધન્ય ગણાય. અરવલ્લી જિલ્લાના પૂર્વ પુરવઠા અધિકારી અજયસિંહ ડોડીયાને જ્યારે બાયડ પ્રાંત અધિકારી તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો તે સમયે જયઅંબે મંદબુદ્ધિ ટ્રસ્ટના સંપર્કમાં આવ્યા ટ્રસ્ટની કામગીરીથી અધિકારીને અવગત કરતાં તેઓ સ્વયં આશ્રમ જોવા માટે આવ્યા અને ત્યારબાદ મંદબુદ્ધિ આશ્રમમાં વસવાટ કરતા માનસિક વિકલાંગને સરકાર શું મદદ કરી શકે..?? તેનો અભ્યાસ કર્યા પછી દર મહિને નિયમિત સરકારી ક્વોટામાંથી ઘઉં મફે તે પ્રકારની વ્યવસ્થા કરી અને પોતે પણ આર્થિક રીતે મદદરૂપ થઈ રહ્યા છે. ટૂંકમાં એક સરકારી અધિકારીની મુલાકાતે ટ્રસ્ટીઓને પણ આવા પણ સહૃદય અધિકારી હોય છે તેની પ્રતિતિ થઈ.

# ઉત્તર ગુજરાતના ૪ જિલ્લામાં કોરોનાના શૂન્ય પોઝીટીવ કેસ

### વેક્સિન લીધા પછી વિજયનગર મામલતદાર પોઝીટીવ : સરકારના આરોગ્ય વિભાગ અને સ્થાનિક તંત્રના આંકડામાં વિરોધાભાસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

ઉત્તર ગુજરાતમાં આશ્ચર્યજનક રીતે કોરોના અદ્રશ્ય થયાનું ચિત્ર ઉભું થયું છે કે ઉભું કરવામાં આવ્યું છે. પછલાં ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતના ૫ પેકી ૪ જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસ '૦' હોવાનું રાજ્યના આરોગ્ય વિભાગે જાહેર કર્યું છે પરંતુ સ્થાનિક તંત્રના આંકડાના કારણે વિરોધાભાસ જોવા મળે છે. કોરોનાની વેક્સિન આપવાની શરૂઆત થઈ છે. ફ્રન્ટલાઈન કોરોના વૉરીયર્સને પ્રથમ વેક્સિનેશનનો લાભ મળ્યો છે. ત્યારે કોરોના રસી આવતાં જ કોરોના વાઈરસનું ગાયબ થવું જોગાનું જોગ છે કે પછી સ્થાનિક ચુંટણી સાથે સીધો સંબંધ છે. વિજયનગર મામલતદારે કોરોના વેક્સિન લીધા પછી પોઝીટીવ આવતાં આ મુદ્દો આરોગ્ય કર્મીઓમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

રાજ્યના આરોગ્ય વિભાગનું માનીએ તો બનાસકાંઠા, પાટણ, અરવલ્લી, મહેસાણા જિલ્લામાં એકપણ પોઝીટીવ કેસ નોંધાયો નથી. સાબરકાંઠામાં ૨૪ કલાક દરમિયાન બે પોઝીટીવ કેસ નોંધાયાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. ત્યારે જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં શંકાસ્પદ અને પોઝીટીવ કેસ આવ્યાની વિગતો જાણવા મળે છે તે છતાં સરકારના આરોગ્ય વિભાગમાંથી કોરોના પોઝીટીવ કેસ કેમ નજરે ચડતાં નથી ? જિલ્લામાં જે રીતે ફેબ્રુઆરીના આરંભથી સોશીયલ ડીસ્ટન્સ ભુલાયું છે. પ્રજા બેફિકર બની માસ્કનો ઉપયોગ કરવાનું ટાળી રહી છે તે જોતાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી યોજાશે તે અગાઉ મોટાપાયે કોરોનાનું સંક્રમણ થવાની આશંકા સેવાઈ છે. અત્યારે તો સરકારના સત્તાવાર જાહેર કરેલા આંકડાથી ઉત્તર ગુજરાતની પ્રજા કોરોનાથી સલામત છે તેવું ચિત્ર સામે આવ્યું છે પરંતુ વાસ્તવિક સ્થિતિ કંઈક નોંખી છે.

## સરેન્ડર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવ્યા હતા. આવી રીતે મહેમાન ટીમને ૨૪૧ રનની લીડ મળી હતી. બાદમાં બીજી ઈનિંગ્સમાં ઈંગ્લેન્ડે ૧૭૮ રન બનાવ્યા હતા અને ભારતને ૪૨૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. મંગળવારે બીજા સેશનમાં ૫૮.૧ ઓવરમાં ભારતની ટીમ ૧૯૨ રને ઓલઆઉટ થઈ ગઈ હતી. જો રૂટને મેચમાં બેવડી સદી ફટકારવા માટે મેન ઓફ ધ મેચ પસંદ કરાયો હતો. આ સાથે જ ઈંગ્લેન્ડે ચાર મેચોની સીરિઝમાં ૧-૦થી લીડ મેળવી લીધી છે. સીરિઝની બીજી મેચ ચેપોક સ્ટેડિયમમાં જ ૧૩ ફેબ્રુઆરીએ રમાવાની છે.

## રડી પડ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ આતંકી ઘટના ઘટી ત્યારે ગુલામ નબી આઝાદે રાજનીતિથી ઉપર ઉઠીને કઈ કઈ રીતે મદદ કરી તેને લઈને આખી કહાની સંભળાવી હતી. આ દરમિયાન અનેકવાર પીએમ મોદી સદનમાં રીતસરના રડી પડ્યાં હતાં.પીએમ મોદીએ કહ્યું હતું કે, ગુલામ નબી આઝાદ દળની સાથો સાથ દેશની પણ ચિંતા કરે છે. તેમની જગ્યા ભરવી કોઈ પણ માટે મુશ્કેલ છે. જ્યારે હું ચૂંટણીની રાજનીતિમાં નહોતો ત્યારે ગુલામ નબી આઝાદ અને અમે એકવાર લોબીમાં વાતચીત કરી રહ્યાં હતાં. ત્યારે નજર ટાંપીને બેઠેલા મીડિયાકર્મીઓને આઝાદે મજેદાર જવાબ આપ્યો હતો.

આ દરમિયાન તેમણે અમરનાથની યાત્રાએ જઈ રહેલી ગુજરાતના તીર્થયાત્રીઓથી ભરેલી એક બસ પર જમ્મુ-કાશ્મીર થયેલા આતંકી હુમલાની ઘટનાને યાદ કરી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, આ આતંકી ઘટનાને લઈને ગુલામ નબી આઝાદ સાથે મારી ફોન પર વાતચીત થઈ હતી. આ વાત કરતાની સાથે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાવુક થઈ ગયા હતાં. તેમણે આઝાદના વખાણ કરતા કહ્યું હતું કે, એક મિત્રના રૂપમાં ગુલામ નબી આઝાદને ક્યારેય નહીં ભુલી શકું.

## આમંત્રણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાઈડન અને એમના પત્ની ફર્સ્ટ લેડી ડો. જિલ બાઈડનને એમના શક્ય એટલા વહેલા અને અનુકૂળ સમયે ભારતની મુલાકાતે આવવાનું આમંત્રણ આપ્યું છે. મોદીએ આ આમંત્રણ બાઈડન સાથે ગઈ કાલે ટેલીફોન પર થયેલી સત્તાવાર વાતચીત દરમિયાન આપ્યું હતું. પ્રમુખ તરીકે સફળતા પ્રાપ્ત થાય એવી શુભેચ્છા મોદીએ બાઈડનને આપી હતી.

## ધસારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂર્ણ થઈ નથી એટલે અન્ય રાજકીય પક્ષો પણ ઉમેદવારી નોંધાવવી કે નહિ તેને લઈ અસમંજસની સ્થિતિમાં છે. ગત સામાન્ય ટૂંટણીમાં જિલ્લામાં આ બે પક્ષો સિવાય અન્ય પક્ષોએ પણ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા તેમજ અપક્ષોએ જંગ રોચક બનાવ્યો હતો.

જિલ્લામાં હાલ તો રાજકીય વાતાવરણ ગરમાયેલુ જોવા મળી રહ્યુ છે અને ઉમેદવારીની પસંદગીને મુદ્દે બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષ ભાજપ-કોંગ્રેસમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિ ઉભી થઈ છે એટલે અપક્ષ ઉમેદવારોની સંખ્યા વધુ હશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં બે દિવસ દરમ્યાન ૫૦૦ થી પણ વધુ ટિકિટવાંચ્છુ અને ઉમેદવારો ફોર્મ લઈ ગયા છે.

# મોડાસામાં નગરપાલિકાના સંગ્રામ પહેલા પતંગે પંજાને ઈજા પહોંચાડી

### કોંગ્રેસને ફટકો, લઘુમતી સમાજના ૫૦૦ યુવાઓ AIMIMમાં જોડાયા




મોડાસા, તા. ૯

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે, ઉમેદવારોમાંની પસંદગી માટે રાજકીય પક્ષ મનોમંથન કરી રહ્યા છે, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ઉમેદવારી પત્રો ભરવાનું શરૂ પણ થઇ ગયું છે. ત્યારે ઉમેદવારોની પસંદગીને લઈને કોંગ્રેસમાં ભારે ભડકો થઇ રહ્યો છે. મોડાસા નગરપાલિકાની ચૂંટણી માટે હજુ કોંગ્રેસે ઉમેદવારો જાહેર કર્યા નથી તે પહેલા જ કોંગ્રેસમાં ટીકીટની દાવેદારી કરનાર બે યુવા કાર્યકરો તેમના ૫૦૦ જેટલા યુવા સમર્થકો સાથે કોંગ્રેસનો સાથ છોડી ઔવૈસીમાં "બહોત દિયા કોંગ્રેસ કા હાથ આઓ અબ ચલે મીમ કે સાથ"ના નારા વાજતે-ગાજતે જોડાઈ જતા ગાત્રો થીજાવતી ઠંડીમાં પણ રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. મોડાસા શહેરમાં કોંગ્રેસ માટે એક સાધો અને તેર તુટે તેવા હાલત જોવા મળી છે.

મોડાસા નગરપાલિકાની ચૂંટણી માટે કોંગ્રેસે ઉમેદવારોની પસંદગી પહેલા જ કોંગ્રેસમાં ભડકો થયો હતો. લઘુમતી વિસ્તારમાં કોંગ્રેસ ઉમેદવારોની પસંદગીમાં વ્હાલા દવાલાની અને પાર્ટી ફંડના નામે ઉઘરાણું કરી રહી હોવાની અને પાર્ટી ફંડ આપે તેમને ટીકીટ આપવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે કોંગ્રેસમાંથી નગરપાલિકાની ચૂંટણી લડવા માંગતા બે યુવા કોંગ્રેસી કાર્યકરોને પાર્ટી ટીકીટ નહીં આપેનો અણસાર આવી જતા સોમવારે રાત્રે સમાજસેવી શીક્ષક એવા બુરહાન ચગન અને શોએબ જેથરા (લાલભાઈ વાયરમેન) તેમના ૫૦૦થી વધુ યુવા કાર્યકરો સાથે વાજતે ગાજતે ઔવૈસીમાં જોડાઈ ગયા હતા મખદુમ ચોકડી પર જશ્ન જેવો માહોલ જામ્યો હતો. ઔવૈસીમાં જોડાયેલ બંને યુવા કાર્યકર્તાઓ વોર્ડ.નં-૮ માંથી ચૂંટણી જંગમાં ઝંપલાવશે. મોટી સંખ્યામાં કોંગ્રેસ સમર્પિત મતબેંકના યુવાનોએ કોંગ્રેસનો સાથ છોડતા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ માટે ઓવૈસીની પાર્ટીએ ભારે ભંગાણ સર્જાતા નેતાઓ દોડતા થઈ ગયા છે. મોડાસા શહેરના યુવાનોમાં સોમવારે રાત્રે ઔવૈસીના કાર્યાલય પર પાર્ટીના સભ્ય બનવા માટે રીતસર પડાપડી કરી હતી.

મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ઔવૈસી પાર્ટી કિંગમેકરની ભૂમિકામાં આવી જાય તો નવાઈ નહિ..!! મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને ઔવૈસીની એન્ટ્રી ભાજપ કોંગ્રેસનું સત્તા હાંસલ કરવાનું ગણિત પર ભારે પડી શકે છે. ઓવૈસીની પાર્ટીના આગમનથી કોંગ્રેસને નગરપાલિકમાં મોટો ફટકો પડી શકે છે નું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૨૩૭ કેસ નોંધાયા : એકનું મોત

ગાંધીનગર, તા. ૯

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૨૩૪ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૩૫૩ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૭,૪૭૩ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. આજે એક દિવસમાં ૯૭૪ કેન્દ્રો પર ૫૬,૩૩૨ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું. આ પ્રકારે કુલ ૬,૬૦,૫૧૬ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થયું છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૫૬ ટકા થઇ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઇન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. જો કે બીજી તરફ રાજ્યમાં આજે અમરેલી, અરવલ્લી, ભરૂચ, બોટાદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, પાટણ, પોરબંદર અને તાપી એમ કુલ એમ કુલ ૯ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૨,૦૪૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૨૪ છે. જ્યારે ૨,૦૧૬ લોકો સ્ટેબલ છે. ૨,૫૭,૪૭૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# કોંગ્રેસના હોદ્દેદારો ભાજપમાં જોડાતા સાબરકાંઠા કોંગ્રેસમાં હડકંપ



હિંમતનગર, તા. ૯

આજરોજ જિલ્લા ભાજપ કાર્યાલય, હિંમતનગર ખાતે કેટલાંક કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાયા છે. જેમનું જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ તથા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ ખેસ પહેરાવીને આવકાર આપેલ. ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના વર્ષોથી કામ કરતા જિલ્લા ઉપપ્રમુખ સતિષભાઈ શાહ, પાલિકા પૂર્વ સદસ્ય અને અરવલ્લી જિલ્લાના મહિલા મોરચાના પ્રભારી નિર્મલાબેન પંચાલ, હિંમતનગર શહેર ઉપપ્રમુખ રાજુભાઈ રાવલ, કડોલીના (મુનપુર) ડાહ્યાભાઈ પટેલ, યશોદાબેન ખત્રી, જયકુમાર પંચાલ, જિલ્લા મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ રંજનબેન પંચાલ વિગેરે જોડાયા હતા.

આ પ્રસંગે જે.ડી. પટેલ તથા વિજયભાઈ પંડ્યાએ આવકાર આપી જણાવેલ કે ભાજપની વિચારસરણી લોક ઉપયોગી કામો તથા સેવાની ભાવનાથી કામ કરતી પાર્ટીમાં તમારૂ સ્વાગત છે. આ પ્રસંગે જિલ્લા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવાર, કનુભાઈ પટેલ, જિલ્લા સંઘના ચેરમેન જેઠાભાઈ પટેલ, હિંમતનગર શહેર મહામંત્રી જયેશ કવિ, કિરીટભાઈ મુદડા, સંદિપ ભાવસાર સહિત અનેક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાભરમાં બંધ મકાનમાં ૧.૯૭ લાખની ચોરી

### પરિવાર બહારગામ જતા તસ્કરોનો હાથફેરો

ભાભરમાં પરિવાર બહારગામ ગયા બાદ તસ્કરોએ મકાનમાં હાથફેરો કર્યો હોવાની ઘટના સામે આવી છે. ૨૯ મી જાન્યુઆરીએ બહારગામ ગયેલા પરિવારને સ્થાનિકે ૭ ફેબ્રુઆરીના રોજ ફોન કરી ચોરી થયાની જાણ કરી હતી. જેને લઇ પરિવાર તાત્કાલિક ભાભર મુકામે દોડી આવી તપાસ કરતાં અંદરથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ ૧.૯૭ લાખની ચોરી થયાનું સામે આવ્યુ હતુ. ઘટનાને લઇ વેપારીએ અજાણ્યા ઈસમો સામે ભાભર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના નવા ભાભર ખાતે રહેતાં વેપારીના ઘરમાં ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. સ્થાનિક વેપારી મહેન્દ્રકુમાર રોળીયા (જૈન) ગત ૨૯ જાન્યુઆરીના રોજ બપોરે ત્રણેક વાગ્યે ઘરે તાળું મારી મુંબઇ ગયા હતા. આ સાથે તેમની દુકાનમાં નોકરી કરતાં લાલજીભાઇ પ્રજાપતિ (રહે.નેસડા, તા.ભાભર ) ને ઘરની ચાવી આપીને ગયા હતા. જે બાદમાં ૭ ફેબ્રુઆરીએ સાંજે પાંચેક વાગે લાલજીભાઇને ફોન કરીને કહેલ કે, અમો કાલે આવવાના હોઇ તું ઘરની સાફ-સફાઇ કરાવીને રાખજે. જોકે લાલજીભાઇએ ઘરનું તાળું તુટેલી હાલતમાં જોઇ તાત્કાલિક મહેન્દ્રકુમારને ફોન કરી સઘળી વાત કરતાં તેઓ સુરતથી ભાભર આવવા નીકળી ગયા હતા.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, વેપારીએ પરિવાર સાથે ઘરની તલાશી લેતાં અંદરથી ચોરી થયાનું સામે આવતાં ચકચાર મચી ગઇ છે. અજાણ્યાં તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિં.રૂ.૭૦,૦૦૦ ચાંદીના વાસણો અને દાગીના કિ.રૂ.૧,૨૦,૦૦૦, રોકડ રકમ રૂ. ૭૦૦૦ મળી કુલ કિ.રૂ.૧,૯૭,૦૦૦ ની ચોરી કરી પલાયન થઇ ગયા હતા. ઘટનાને લઇ મહેન્દ્રભાઇએ અજાણ્યાં ઈસમો સામે ભાભર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જેને લઇ ભાભર પોલીસે અજાણ્યાં ઈસમો સામે આઈપીસી કલમ ૪૫૪, ૪૫૭,૩૮૦ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.